ક્રમાંક:-ખરચ/૧૦૨૦૧૬/૧૯૦૪/ઝ.૧

ગુજરાત સરકાર,
નાણા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા. /૦૧/૨૦૧૮
18 JAN 2018

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં.૧૭, "વિમા અને લેખા ભવન"
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:- ફીક્સ પગારના કર્મચારીઓને માસિક ખાસ ભથ્થું અને ખાસ ભથ્થાં ઉપર વાર્ષિક વધારો આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા.૦૩/૧૧/૨૦૧૬ના પત્ર ક્રમાંક-હિતિનિ/ટીસી/ ફા.નં.૧૦૫/૪૨૪૩ અન્વયે નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-ખરચ/ ૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ ના પારા-(૧) તરફ ધ્યાન દોરતાં જણાવવાનું કે, ઉકત ઠરાવની જોગવાઈ મુજબ ખાસ ભથ્થાંમાં વાર્ષિક વધારા બાબતે "નાણા વિભાગની ફીક્સ પગારની નીતિ અનુસાર નિમણૂંક પામેલ દરેક કર્મચારીઓને વાર્ષિક વધારો તા.૦૧/૧૦/૨૦૧૬થી મળવાપાત્ર થશે."

જેથી નાણા વિભાગના ઉકત તા.૦૧/૦૧/૨૦૧૬ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ ફીક્સ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ દરેક કર્મચારીઓને ખાસ ભથ્થું તા.૦૧/૧૦/૨૦૧૬થી મળવાપાત્ર છે અને તે મુજબ દરેક કર્મચારીના પગાર બીલ પાસ કરવા માટે આપના નિયંત્રણ હેઠળની સબંધિત કચેરીઓને સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(જે.બી. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના :-

(૧) કલેકટરશ્રી, કલેકટર કચેરી, રાજકોટ તરફ આપના તા.૧૧/૧૧/૨૦૧૬ના પત્ર ક્રમાંક-એકા/ઓબીજે/૨૪૧૦/૨૦૧૬ અન્વયે જાણ સારૂ.

(૨) મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી, જિલ્લા અદાલત, સુરત તરફ આપના તા.૩૦/૧૧/૨૦૧૬ના પત્ર ક્રમાંક-બી.૬૩/૮૭૩ સને ૨૦૧૬ અન્વયે જાણ સારૂ.